સાલ : ૯ / સિલસિલાવાર નંબર : ૯૮ / શુમારો : ૨
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
કુલ પાના - ૧૦

مشكوة الهادي
Mishkaat-ul-Haadi
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.
તા. ૧ સફરૂલ મુઝફ્ફર ૧૪૩૩ હિ., ૨૬-૧૨-૨૦૧૧

## -::: હરમે મૌ.ઈમામ હુસૈન (અ.સ.) અને યઝીદી દરબાર :::-

મૌલાના ઈમામ અલી ઝૈનુલ આબેદીન, સૈયેદુર રાકેઈના વસ સાજેદીન (અ.સ.) કરબલાએ મોઅલ્લાથી હરમે મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ના કાફલા સાથે સખ્તમાં સખ્ત સફર તય કરીને દમિશ્કમાં યઝીદ લઈનના બાદશાહી દરબારમાં પધારા જ્યાં બીજા મઝહબના લોગો અને બીજા બાદશાહોના નુમાઈંદાઓ હાઝિર હતા. તે દરમિયાન યઝીદ લઈને અહલે બૈતે હરમના સૈયેદાતની બેઅદબી અને બેઈઝઝતી કરવામાં કોઈ કસર બાકી રાખી ન હતી. શહાદતે ઈમામ હુસૈન (અ.સ.) ના દર્દઅંગૈઝ સાનેહા બાદ પણ સૈયેદાતે હરમને સુકૂન અને ઈત્મેનાન મયસ્સર ન થયું. એટલી ઝુલ્મની હદ વટાવા બાદ પણ યઝીદને જાણે એના આ બદ કામમાં ઓછપ લાગતી હોય, એ અહલે બૈત (અ.સ.) સાથે બદસુલૂકી કરતો ગયો. લઈને તે વક્ત મૌ.અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ને મુખાતિબ થઈને કહ્યું કે, આ જવાન કોણ છે ? જવાબ મિલો કે, **મૌ.ઇમામ હુસૈન (અ.સ.) ના મોટા ફરઝંદ અલી બિન હુસૈન છે.** તો તે લઈન બોલો કે, લોગો તો કહે છે કે, અલી કત્લ કરવામાં આવા છે. તો જવાબ મિલો કે, તે એ અલી હતા કે, જેમાં અલી અવસત હતા અને અલી અસ્ગર હતા. આ અલી તે બેવે અલીથી મોટા છે. તો લઈને બડાશ હાઁકી કે, તમે જ છો કે તમારા બાવાજીએ ઈરાદો કીધો કે, પોતે ખલીફા બને અને જુઓ એનો અંજામ. ખુદાએ હમને ઈમ્કાન કરી આપા કે, હમેં તમને હમારા સાથે બંદીવાન બનાવા કે, જોઈ તમને નઝદીકનો અને દૂરનો, આઝાદ અને ગુલામ, યહાઁ તમને તમારૂં કોઈ મદદ કરનાર કે પરવાહ કરનાર નથી.

મૌ.અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) એ સાફ ફરમાવું કે, કોણ છે તે શખ્સ કે હમારા બાવાજી કરતા ખિલાફતનો ઝિયાદહ હક્કદાર હોય! એ તો નબીના દિકરીના ફરઝંદ સિવાય કોઈ બીજું ન હોય. અય યઝીદ ! શું તુંએ કૌલે ખુદા નથી સાંભલો કે, કોઈ પણ મુસીબત ઝમીનમાં પડતી નથી અને ન કે તારા જાન ઉપર આવી પડે છે, મગર તે મુકર્રર હોય છે અને હમેં યા કોઈ પણ તેના આવતા પહેલા તેને છોડી શકતા નથી, કેમકે, તે અલ્લાહના કિતાબમાં લખાયેલું હોય છે. અય લોગો, તમેં એ વાત પર અફસોસ ન કરો કે, જેને તમેં ખોઈ નાંખો. ન કે તમેં ખુશ થાવ એ ચીઝથી કે, જે અલ્લાહ તમને આપે. કેમકે, **અલ્લાહ નથી પસંદ કરતો કોઇ પણ અકડું અને ફખર કરનારને.** આ કલામે અલવી પર યઝીદ લઈન ગુસ્સે થયો અને બકવાસ કીધી કે, અય જવાન ! તમેં હમારા અમલ પર એતેરાઝ કરો છો. તે બાદ લઈને આપની ગરદન મારવાનો હુકમ કીધો.

આ હંગામમા ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) એ રોતા રોતા ચંદ અશ્આર પઢા. તેમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની તાઅરીફ, અહલે બૈત (અ.સ.) ના રૂત્બએ ફાઝેલાહની ઝિકિર, તે સાથે યઝીદ લઈનના ઝુલ્મ અને ઝિયાદતીની ઝિકિર ફરમાવી. આના સબબ તમામ અહલે હરમના સૈયેદાત રોવા લાગા, જેમાં મૌ.ઉમ્મે કુલ્સૂમે (અ.સ.) યઝીદના કાતેલાના ઝુલ્મની ઝાટકણી કાઢી, જેએ નાના બચ્ચાઓને પણ મઆફી ન આપી. યઝીદ લઈન આ બયાનીથી ખૂબ ડરી ગયો અને લોગોની બગાવતનો ડર એના દિલમાં થયો. એને થયું કે, શાયદ દરબારીઓ એના મુલ્કમાં ફિત્નો બરપા ન કરી દે, તેથી લઈને તમામથી મઆફી તલબ કીધી. તે બાદ મૌ.સકીના (અ.સ.) એ એક કિસ્સો બયાન ફરમાવો. તેથી અહલે હરમ અને બચ્ચાઓને થોડો સબર આવો અને શૌરો ગૌગા થમી ગયો. મૌ.સકીના (અ.સ.) યઝીદ નારીથી

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**એવો અમલ કરો કે જેનાથી તમને હમેશા ફાયદો હાસિલ થાય.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***હરમે મૌ.ઈમામ હુસૈન (અ.સ.)....***

મુખાતિબ થયા અને ફરમાવવા લાગા કે, અય યઝીદ ! તું બરાબર જાણી લે કે, ગઈકાલે મેં બૈદારી અને ખ્વાબને દરમિયાન હતી તો તે વક્ત મેં એક એવા નૂરાની મહેલને જોયો કે, જેની કાંગડીઓ યાકૂતની હતી અને જેના દરવાઝા ખુલ્લા હતા. પછી તેમાંથી પાઁચ બુઝુર્ગ હસ્તીઓ નિકલી કે જેઓનો એક પહેરેગીરે ઈસ્તિકબાલ કીધો. તે વક્ત હું તેને કરીબ ગઈ અને પૂછું કે, અય જવાન ! આ કોનો મહેલ છે ? તો જવાબ આપો કે, તમારા બાવાજી મૌલા હુસૈનનો. મેં પૂછું કે, આ પાઁચ બુઝુર્ગ હસ્તીઓ કોણ છે ? જવાબ આપો કે આદમ, નૂહ, ઈબ્રાહીમ, મૂસા અને ઈસા અલયહેમિસ સલામ છે.

આ ગુફતગૂને દરમિયાન એક ચાઁદ જેવા ચહેરાવાલા શખ્સ સામે આવા કે, જેના ચહેરા પર દુનિયાની ગમગીની છવાયેલી હતી અને તેમને હાથમાં પોતાની દાઢી પકડેલી હતી. મેં જવાનને પૂછું કે, આ કોણ છે? તેએ કહ્યું કે, **આ આપના જદ્દે બુઝુર્ગ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે.** હું આપના નઝદીક ગઈ અને ફરમાવું કે, અય મારા નાનાજી સાહેબ ! અલ્લાહની કસમ, હમારા મરદો કત્લ કરવામાં આવા છે, હમારા બચ્ચાઓ ઝબેહ કીધા ગયા છે અને હમારી ચાદરો છિનવાઈ ગઈ છે. તો આ મારા કલામ પર તેમને ઘણી જ શફકત કીધી અને મને પોતાની છાતીથી લગાવી દીધી. ઘણી જ આહોઝારી કરવા લાગા, રોવાના સબબ મૌ.આદમ, નૂહ, ઈબ્રાહીમ, મૂસા અને ઈસા આપના સામે આવા અને મને ફરમાવવા લાગા કે, અય દિકરી ! તમારા આવાઝને ધીમો કરો, તમેં, લોગોના ખુલાસા, તીન દિનના પ્યાસાની દિકરી છો. તમારી આ બુકાના આહો આવાઝથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નું દિલ દર્દ અંગેઝ થાય છે.

મૌ.સકીના (અ.સ.) ફરમાવે છે કે, અય યઝીદ લઈન, તે વક્ત એ જવાન પહેરેગીરે મારો હાથ પકડો અને મને મહેલમાં દાખિલ કીધી. હું શું જોઉં છું કે, પાઁચ નૂરાની બૈરો હાઝિર છે, જેમના સાથે એક બૈરે છે કે જેએ પોતાના બાલ ચહેરા પર નાંખેલા છે અને તેમના પૂરા કપડા ગુબારઆલૂદ થઈને કાલા થઈ ગયા છે. તે બૈરોના હાથમાં ખૂનથી લથપથ એક કમીસ છે. જે વક્ત આ બૈરો ઉઠે તો પાઁચે બૈરો ઉઠે અને તે બેસે તો સઘલા બેસી જાય, તે પોતાના માથા પર ખાકને ઉડાવે છે. મેં પહેરેગીરને પૂછું કે, આ બધા બૈરાઓ કોણ છે ? તો જવાબ આપો કે, મૌ.હવ્વા, મરિયમ, આસીયહ, ઉમ્મે મૂસા અને ખદીજહ અહયહિન્નસ સલામ છે. **ખૂન આલૂદ કમીસવાલા બૈરો તમારા દાદીમાં મૌ.ફાતેમા ઝહરા (અ.સ.) છે.** હું આપના નઝદીક પધારી અને કહ્યું કે, અય મારા દાદી માઁ સાહબ ! અલ્લાહની કસમ, મારા બાવાજી કત્લ કીધા ગયા છે અને હું નાની ઉંમરમાં યતીમ થઈ ચૂકી છું. તો આપે મને છાતીથી લગાવી અને ફરમાવું કે, અલ્લાહતઆલા આપને સબર-ધારસ આપે. તે બાદ મને પુકારવા લાગા કે, અય સકીના, મારા બેટાને કોએ ગુસ્લ દીધો ? કોએ કફન પહેરાવું ? કોએ એના પર નમાઝ પઢી ? કોએ એને દફન કીધા ? કોએ એના લાશાને ઉચકો ? કોએ એની કબરને ખોદી ? કોએ એની કબરને બનાવી ? કોએ કબરની માટીને બરાબર કીધી ? તમારા બાવાજીની શહાદત બાદ યતીમોની ખબરગીરી કોએ કીધી ? કોએ બેવાઓને સંભાલા ? તે બાદ ઝોરથી પુકારા કે, સદ અફસોસ મારો ફરઝંદ ! સદ અફસોસ મારા દિલની કલી ! સદ અફસોસ મારા દિલનું ચૈન. આપના આસપાસ તમામ બૈરાઓ નૌહા પઢવા લાગા. થોડા વક્ત બાદ આપે મને રોતા-રોતા વદાઅ કીધા અને હું એકદમ ખ્વાબમાંથી બૈદાર થઈ ગઈ તે વક્તથી મારા દિલમાં આપની જુદાઈના સબબ ગમ પર ગમના વાદલો ઘેરાયા કરે છે.

અય લઈન, હમેં આ મરતબાના સાહેબ છીએ. પણ લઈનને આ કલામથી કોઈ અસર ન થઈ અને આ એજાઝની હઁસી ઉડાવવા લાગો. **જે લોગો અલ્લાહના ઔલિયાની હઁસી ઉડાવે છે, તેના આ અમલે શર પર દુનિયાવાલાઓ કયામતના દિન તક હઁસી ઉડાવતા રહે છે.** જેઓને અલ્લાહતઆલા સલવાત અને સલામને લાયક કીધા છે તેઓની ઝિકિર આજે પણ અઝાખાનાઓમાં થાય છે અને થાયા કરશે. અલ્લાહતઆલા અહલે ઈમાનમાં હક્કના ધણીની દોઆના સબબ મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ના માતમની બરકાત કાઈમ-દાઈમ રાખે. ★

**કોઈ પણ મઝહબનો ઈઝઝતદાર શખ્સ તમને મિલે તો તમેં એને માન આપો.**

## -::: પુખ્તા અકલ અને દુનિયાની ડિગ્રી :::- કિસ્ત-૨

હર નૌજવાનનું સપનું હોય છે યા કહો કે એની ઝિંદગીનું Target હોય છે કે, એના નામ પાછલ કોઇ મશ્હૂર અને ઊંચી Degree નું લેબલ લાગે, જેથી એના education નું લેવલ ઝાહિર થઇ શકે. એક વક્ત લેબલ લાગી જાય તો કોઇ એ નથી પૂછતું કે, તે Degree કયા તરીકાથી યા કઇ જગાથી હાસિલ થઇ છે. જેમ હર ગલીમાં એક ડૉક્ટરનું બોર્ડ નઝર આવે છે, તેમ જુદી-જુદી Degree રાખનારા હર જગા પર દેખાય છે. આજે અપના મુલ્કમાં યા foregin માં હઝારો કોલેજો-યુનિવર્સીટીઓમાં હરએક **Discipline, Branch યા Studies** ના માતહત બેશુમાર Degree-Diploma Courses ચાલતા હોય છે. જેટલી દૌલત ખર્ચો એટલી ઊંચી અને નામવર કોલેજમાં દાખલો મિલી શકે છે. જો હદથી ઝિયાદહ દૌલત ખર્ચ કરો તો ઈમ્તેહાન આપા બગૈર પણ Degree હાસિલ થઇ શકે છે. MBA, MCA, DM, MD, MS, B.Tech, B.Pharm, વગૈરા અંગ્રેઝી ઝબાનના જેટલા Alphabets છે અને એની જમાવટ જેટલા અલગ-અલગ તરીકાથી થઇ શકે છે, એટલી તરહની Degree દુનિયામાં મૌજૂદ છે.

કોઇ ઉમ્મીદવાર કોલેજમાં એની મનપસંદ Disipline-Branch માં દાખલો લે છે અને જો એને તે વાસ્તે Degree હાસિલ થાય તો Course મુજબ એ તમામ ચીઝ શીખી લે છે. આખિરમાં એ શખ્સ વાસ્તે એની હુશિયારી અને લિયાકત મુજબ કંપનીઓમાં Job ની ઓફરો તૈયાર હોય છે. એ જે કઇ શીખો તે Degree વાસ્તે હતું અને જે કઇ Job કીધો, તો જે કઇ એ શીખેલું હતું તે લાઇનમાં આગલ વધવા વાસ્તે હતું. જ્યારે Degree અને Educational Qualification નો સવાલ એને થાય છે તો ફખરથી Degree અને Job ની વિગત બોલે છે. જો એનું ઝહેન એની તાઅલીમ જેટલું જ હશે તો એ એમ ઈઝહાર કરે છે કે, એની Degree યા Job ના સબબ એના હાથમાં દુનિયા અને દૌલતની ચાવી આવી ગઇ. ઝિંદગીના હર પહેલૂમાં આ Degree એના વાસ્તે કાફી સહારો છે. **એ એમ માને છે કે હવે એની અક્લ પુખ્તા થઇ ગઇ, એ Mature થઇ ગયો, હર ચીઝમાં એ માહિર અને કામિલ થઇ ગયો એમ એ બીજાને બતાવે છે.**

આ Assumption અને Supposition ઘણું જ ભૂલભરેલું છે. બદગુમાની હર વક્ત ગુમ્રાહી તરફ લઇ જાય છે. ગુમ્રાહી તે જ વક્ત પૈદા થાય કે સોચ અને સમઝમાં ખામી હોય. ઝિયાદહ તર Youngsters આ બદગુમાનીના Sway માં આવી ગયા છે. બીજા મઝહબના લોગોની સંગત અને દોસ્તીમાં, College ના free માહૌલમાં હમારા જવાનોમાં એક મિઝાજ બંધાઇ ગયો છે કે, તેઓની Degree અને Education level જ તેઓ વાસ્તે ઝિંદગી ગુઝારવા કાફી છે અને આનાથી જ સમાજમાં તેઓની ઈઝઝત અને માન છે. પોતાની મરઝીની મિલ્કીયત મિલી હોય, જવાનીનો જોશો ખરોશ હોય, વક્તની અને ઘરની કોઇ ઝિમ્મેદારી ન હોય, બાવાજી તરફથી દૌલત પૈશે ખિદમત હોય તો જવાનોની નઝરમાં દીન, મઝહબ, અકીદો ઈબાદત, રસ્મો-રિવાજ એક બોજ છે, બલ્કે ગૈરઝરૂરી છે. **તેઓની ગુફતગૂ અને લિબાસના દાએરાથી આ બધી ચીઝો ઘણી દૂર છે.** અનાયાસે મઝહબ યા દીનદારીની વાત નિકલી પણ જાય તો તેને હલકી અને ઝિલ્લતભરી નિગાહોંથી જોવામાં આવે છે, વાત કરનારને ખરાબ અલ્ફાઝથી ઉતારી પાડવામાં આવે છે અને ઘણા તો આ વાતોને Out of date સમઝે છે. દીનદારી તરફ રગબત રાખનાર ચંદ સમઝૂ જવાનોને તેઓ Old fashioned, Orthodox અને Out of place માને છે. ★

---

*(પેજ નં. ૬ નું બાકી)* ***બકા અને ફના...***

**તરફ ચઢવાનો રસ્તો જન્નતનો છે અને બદતરી તરફ ઉતરવાનો રસ્તો જહન્નમનો છે.** ઉપર તરફ ચઢવાના રસ્તાથી તેના અસલ તરફ જાવાની રાહ હમ્વાર થાય છે અને નીચે તરફ ઉતરવાના રસ્તાથી અઝાબ અને ખૌફો ખતરનો સામનો થાય છે. દુનિયામાં જે ચીઝ એની કરનીના સબબ દરજામાં નીચે પડી, પછી તે જગા પરથી દરજામાં ઉપર ચઢવાનો રસ્તો બેહદ મશક્કત અને ઈમ્તેહાન ભરો છે. ★

**વુઝૂના સબબ મુમેનીનના જિસ્મના આઅઝા રોઝે કયામત રોશન થાશે.**

# -::: ઈસ્મતે ઈમામ - ઈમામની પાકીઝગી અને બેગુનાહી :::-

સૈયેદુલ અંબિયા મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપની આલે પાકના ઈમામો ઈસ્મત અને શફાઅતના સાહેબો છે, જેના સબબ અહલે ઈમાનને શરીઅત, નજાત અને રેહમતે ઈલાહી હાસિલ થઈ. અલ્લાહતઆલાએ આપ નબી સાહબને ગદીરે ખુમ્મની જગા પર અમીરૂલ મુમેનીન મૌ. અલી (અ.સ.) ની વસીના દરજાની તાજપોશી વાસ્તે ઈસ્મત અતા ફરમાવી. યાઅની કે, વલાયતે મૌ. અલી સિવાય દીને ઈસ્લામના તમામ એહકામ-અરકાન અદા થઈ ગયા બાદ, આપ નબી સાહબને અલીયુલ મુરતઝા (અ.સ.) ને મુમેનીનના મૌલા અને આપના કાઈમ મકામ બનાવવાનું એલાન કરવાનો હુકમે ઈલાહી થયો. તો આપને દિલમાં ખચકાટ અને ખૌફ પૈદા થયો કે, જો હું અલી વાસ્તે એલાને વલાયત કરીશ તો મુસ્લેમીનનો આટલો મોટો મજમોઅ મારી વાતની તકઝીબ ન કરી દે, વલાયતનો ઈન્કાર ન કરી બેસે. પણ આ ફરમાને ઈલાહી, આગલા તમામ ફરમાનો કરતા ભારી હતું, ઝરૂરી હતું, જેથી શરીઅત ઝિંદા થાનાર હતી, અરકાને ઈસ્લામ મઝબૂત થાનાર હતા, લોગોના દિલોમાં ઈમાનનું નૂર દાખિલ થાનાર હતું અને દીન કામિલ બનનાર હતું. અલ્લાહતઆલાએ ફરમાવું કે, **"વલ્લાહો યાઅસેમોકા મિનન્નાસ," યાઅની અલ્લાહ આપને, અય મોહંમદ, લોગોથી બચાવશે.** અલ્લાહતઆલાએ એલાને વલાયતે મૌ. અલી (અ.સ.) વાસ્તે આપના પર ઈસ્મતની ચાદર નાંખી દીધેલી છે. આપ જે કંઈ આ બાબત અલ્લાહના પૈગામને લોગોમાં સંભલાવશો, તો તમામની ઝબાન પર તાલા વાગી જાશે, કોઈ આપના સામે બોલવાની હિમ્મત નહીં કરી શકે, આપનો કલામ સાચો હશે, બલંદ હશે, ચોખ્ખો હશે અને કાબિલે કુબૂલ હશે. આપ નબીએ હક્ક છો, લોગોના સરદાર છો, ખતા-ભૂલથી પાકો સાફ છો અને **આપની સરદારી હર ઝમાનમાં આપની આલે પાકના ફાતેમી ઇમામો અને દોઆતોથી સાબિત છે.**

દાઅવતે હક્ક સાથે ઈમામે હક્કની ઈસ્મત હર વક્ત વાબિસ્તા છે, જે ઈસ્મતની બરકત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)થી ચાલતી આવેલી છે. આજે મુમેનીનને દરમિયાન આ ઈસ્મતના માલિક આપ નબી સાહેબના લખ્તે જિગર નૂરે નઝર શાહઝાદા ઈમામુઝઝમાન (અ.સ.) છે, જે મૌલાની માઅરેફત મુમેનનીનને આપ ઈમામના નાઈબ દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) કરાવી રહ્યા છે. ઈસ્મત, ઈમામે હક્કની ખુસૂસી તાઅરીફ છે, જેની માઅના હર નાના અને મોટા ગુનાહોંથી બચવાની અને દૂર રહેવાની થાય છે. ઈમામે હક્કથી પોતાની વિલાદતથી વફાત તક કોઈ પણ શરઈ ગુનાહ સરઝદ થાતા નથી, પછી તે નાનો ગુનાહ હોય યા મોટો. **ઇમામે હક્ક, નબીએ હક્ક મુજબ જ માઅસૂમ હોય છે.** લેહાઝા, ઈમામની ઈતાઅત-તબાઅત-ફરમાઁબરદારી, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને અલ્લાહતઆલાની ઈતાઅત સાથે આમ તૌર પર તમામ મુમેનીન પર ફરઝ કરવામાં આવી છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં આ ત્રણે ઈતાઅતને **"યાઅય્યોહલ્લઝીના આમનૂ અતીઉલ્લાહ...... અમરે મિન્કુમ"** ની આયતમાં ફરમાવે છે, જેમાં ઉલુલ અમ્રની માઅની અઈમ્મતે તાહેરીન (અ.સ.) અને આપના દોઆતો સિવાય બીજું કોઈ નથી. ઈમામ જો માઅસૂમ ન હોય તો એ લાઈકે ઈમામત નથી થઈ શકતા, કેમકે, આ સૂરતમાં એના પર કોઈ એતેબાર કે એતેમાદ ન મૂકી શકાય અને એનામાં અને બીજા લોગોમાં જેઓ માઅસૂમ નથી, કોઈ ઈમ્તેયાઝ કે ફઝીલત બાકી ન રહે!

હવે, જાણવું એ જોઈએ કે, ગુનાહ કોણે કહેવાય? તે તમામ અમલ યા ચીઝો કે, જેના પર ચાલવામાં યા ઈસ્તેમાલ કરવામાં શરીઅતે મનાઈ કીધી હોય, હરામ કીધું હોય અને જો તેના પર કોઈ સવાર થાય તો તેને ગુનાહ કહેવાય. આ હરામ અને નાજાઈઝ ચીઝોમાંથી ચંદ એવી છે કે, જેના પર સવાર થાવાની સખ્તમાં સખ્ત સઝા અલ્લાહતઆલાએ ફરમાવી છે, જેને **"કબાઇર"** યાઅની મોટા ગુનાહો કહેવામાં આવે છે. મોટા ગુનાહોમાં નાહક્ક કત્લ, ઝિના, જેહાદ છોડીને નાસી જવું, પાક-દામન બૈરો પર તોહમત, શિર્ક, મીસાકને તોડવો વગૈરા. આ સિવાય જે બીજી હરામ ચીઝો છે, તેનો શુમાર નાના ગુનાહોમાં થાય છે.

દીને ઈસ્લામ એક એવો ઝાબતએ હયાત અને તરીકએ ઝિંદગી છે કે, તે દીનના સાથે દુનિયાવી

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**ઘરની અહમ વાતો બચ્ચાઓની હાઝરીમાં ન કરો.**

## -::: રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસુલ ખાસ :::-
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૯

દાઅવતે હાદીયાહની કિતાબોમાં ઝિકિર કરવામાં આવી છે કે, એક શખ્સે અમીરૂલ મુમેનીન મૌલાના અલીયુલ મુરતઝા (અ.સ.) ને મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.) ના બાબત સવાલ કીધો. આપ મૌલાએ ફરમાવું કે, અય ભાઇ ! સલમાન હમારા અહલેબૈત માંથી છે. બીજા અસ્હાબ કરતા સલમાનનો દરજો રસૂલુલ્લાહ રહેમતુલ લિલ આલમીન (સ.અ.વ.વ.) ની નઝરમાં ખુસૂસી છે. **સલમાન, લુકમાન હકીમની મિસિલ છે.** સલમાન વાસ્તે, અય ભાઇ ! તુંને ઝિયાદહ જાણવું છે ? અરઝ થઇ કે, કેમ નહીં મૌલા ! આપ મને ઔર બયાન ફરમાવીએ. આપ મૌલાએ ફરમાવું કે, સલમાન, આગલી ઉમ્મતો (અવ્વલીન) અને હવે આવનારી કૌમો (આખરીન) ના ઊલૂમને જાણનારા છે. યાઅની, અલ્લાહતઆલાએ તે કૌમો-ઉમ્મતોના અમલ મુતાબિક તેઓનો અંજામ કઇ તરહ કીધો, એ બધું જ ઇલ્મ સલમાન પાસે છે. પાઁચમાં ફાતેમી સરતાજ મૌ.ઇમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) નો મૌ.સલમાન વાસ્તે ઘણો જ ઉમ્દા કૌલ છે કે, **સલમાન તે ઇલ્મના દરિયા છે કે જેનો કિનારો નથી, યાઅની આપ ઇલ્મના દરિયાએ બેકિનાર છે.**

જહાનના તમામ બૈરોના સૈયેદહ અને સરદાર માઁ ફાતેમા ઝહરા (અ.સ.) એ મૌ.સલમાનને આપના જનાઝા પર નમાઝ પઢવાની ઇજાઝત આપી હતી. આપના જનાઝા અને દફન થાવાની કૈફીયત અને કારરવાઇ મૌ.અલીયુલ મુરતઝા (અ.સ.) સિવાય ઘણા કમ લોગોને ખબર હતી, જેમાં મૌ.સલમાનનો શુમાર થાય છે. ઝિકિર કરવામાં આવી છે કે, ખંદકની લડાઇના વક્ત ફખરૂલ અંબિયા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપના સઘલા અસ્હાબને મદીનાને આસપાસ ખંદક ખોદવાનો હુકમ ફરમાવો. તે વક્ત અસ્હાબ આપસમાં બહેસ કરવા લાગા કે, સલમાન હમારામાંથી છે, યાઅની કે, અન્સાર કહેવા લાગા કે, અય સલમાન ! તમેં હમારા અન્સાર માંથી છો અને મુહાજિરોએ કહ્યું કે, સલમાન તો મુહાજેરીન માંથી છે. આ બહેસની જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ખબર પહોંચી તો આપે ફરમાવું કે, **"અય મારા અસ્હાબ, તમેં સઘલા સલમાનના બાબત તકરાર ન કરો. સલમાન તો હમારા અહલે બૈત માંથી છે."**

હજી આ ફઝીલતથી વધારે શું હોય કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને મૌ.અલી (અ.સ.) એ મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.) ને એમના કબીલા વાસ્તે અમાનનામા તહેરીર કરી આપા છે, જેમાં અહલે ઇસ્લામના સુલતાનોં અને હુકમરાનોંને એમ હિદાયત કરવામાં આવી છે કે, મૌ.સલમાનના ઘરવાલા, ખાનદાનના લોગો અને કબીલાવાલા સાથે ઉમ્દા સુલૂક રાખવામાં આવે અને તેમના સાથે ઇન્સાફથી પૈશ થઇને હરચીઝમાં રેઆયત કરીને નરમી સાથે રિશ્તો રાખવામાં આવે. ★

---

*(પેજ નં. ૪ નું બાકી)* ***ઇસ્મતે ઇમામ....***

મુઆમેલાતનો પણ મજમૂઓ છે. ઇસ્લામ ફક્ત રોઝા, નમાઝ, હજ્જ યા તેના બીજા અરકાનને અદા કરવા તરફ જ રગબત નથી અપાવતું, પણ તે દુનિયાવી મુઆમેલાતના હર ગોશા-પહેલૂ પર નઝર નાંખે છે યા તેમાં હર ચીઝ વાસ્તે ઇન્સાફ મૌજૂદ છે. **અલ્લાહતઆલા વાસ્તે અદા કરવામાં આવતા હક્કોના સાથે "હુકૂકુલ ઇબાદ" યાઅની બંદા-મખ્લૂકના હક્કોની અદાયેગી વાસ્તે પણ સખ્ત તાકીદ કરવામાં આવી છે.** દીને ઇસ્લામમાં યતીમોં, મિસ્કીનો, મોહતાજો વગૈરા પર નઝરે કરમ કરવાનું ખાસ ફરમાન છે. દુનિયાવી કોઇ મુઆમેલો એવો નથી કે જેના વાસ્તે શરીઅતમાં કોઇ દસ્તૂર યા કાનૂન ન હોય, પછી તે સામાજીક હોય, સંસારીક હોય, સિયાસી હોય, તાઅલીમી હોય યા વ્યવસાયિક હોય. શરીઅત જ બતાવે છે અને સમઝાવે છે કે, ઝિંદગીના તમામ નાના-મોટા મુઆમેલાતમાં મુમિન વાસ્તે શું ચીઝ હલાલ છે અને શું ચીઝ હરામ છે. મુમિનની ઝિંદગીના હર હિસ્સા વાસ્તે શરીઅતમાં એહકામ મૌજૂદ છે, જેમકે જમવું, પીવું, લિબાસ પહેરવો, નિકાહ કરવા, તલાક આપવી, દવા-ઇલાજ કરવો, ખરીદવું, વેંચવું, ભાગીદારી કરવી, કિસાસ લેવો, નઝર માનવી, દૈન અદા કરવું, ઝઘડાનો ફેંસલો આપવો વગૈરા. દીન અને દુનિયા જોડકાં મુજબ છે, એક-બીજા સાથે તેમનો ગહેરો રિશ્તો છે. દીન બગૈર દુનિયાની હસ્તી મુમ્કિન નથી, તેમ દુનિયાના બગૈર દીનનો મકસદ હાસિલ નથી. ★

**જે ઘરમાં મરદ-બૈરો એકબીજાને નામથી બોલાવશે તો તે ઘરની ઇસ્લામી તહેઝીબ કાચી હશે.**

## -::: અપના પ્યારા અને પસંદીદહ અખ્બાર :::-

## " મિશ્કાતુલ હાદી " નો ૧૦૦ મો અંક

મિશ્કાતુલ હાદીના ખિદમતગુઝારો અને ખુસૂસી કારેઈન વાસ્તે બેહદ ખુશીની વાત છે કે, જે ઈલ્મી સફર **૧૪૨૫ હિ.** થી શુરૂ થયો હતો, તે આ સાલ **૧૪૩૩ હિ.** ના રબીઉલ આખર મહીનામાં ૧૦૦ મી મંઝિલ તય કરી રહ્યો છે. જે મહીનામાં મીલાદૈન તૈયેબૈન આવે છે, ફરહતની મૌસમ નમૂદાર થાય છે, તે જ મહીનામાં અલ્લાહતઆલાએ હમને આ મકબૂલ અખ્બારનો **૧૦૦ મો અંક** નસીબ કીધેલો છે.

હુઝૂરેઆલી (ત.ઉ.શ.) એ આ સાલ આપની ૮૨ મી મીલાદે અન્વરના ઈત્તેફાક પર રઝા ફરમાવી કે, અખ્બારનો આ શુમારો મુમેનીન વાસ્તે મુફીદ, યાદગાર અને શાનદાર હોવો જોઈએ, જે ઈલ્મી અને અદબી તદાબીર અને કોશિશોની યાદની ઝલક પૈશ કરી શકે.

જે મુજબ કારેઈને રાહે હિદાયતના આ સફર દૌરાન હમારો સાથ આપો, તે મુજબ હમેં ૧૦૦ માં અંક વાસ્તે પણ ઉમ્મીદ રાખીએ છીએ. ઈન્શાઅલ્લાહ આ અંક પૂરી જમાઅતમાં હદીયતન તકસીમ કરવામાં આવશે. કારેઈન જે કઇ આ અખ્બારના ઝરીએ વાંચી ચુકા હોય યા જે જે ચીઝો વાંચવાની ઉમ્મીદ રાખતા હોય તેના તઅસ્સુરાત, મશ્વરા યા સુઝાવો, ખુસૂસી કોઇ ટોપિક હોય, નસીહતના અશ્આર હોય, મુબારકબાદી યા હોંસલા-અફઝાઈના કલામ હોય, તે હમારા એડ્રેસ યા e-mail પર **૨૫ સફર** પહેલા મોકલી આપે. હસ્બે ઈમ્કાન હમેં તેને શાયેઅ કરવાની કોશિશ કરીશું. આ ખુસૂસી અંક વાસ્તે હમેં બે તરહની ઝાહેર ખબર (Advertisement) કુબૂલ કરીશું. નાની ઝાહેર ખબર (3x3 inch) નો રૂા.૨૫૦/- હદીયો અને મોટી ઝાહેર ખબર (3x6 inch) નો રૂા.૫૦૦/- હદીયો મુકર્રર કરવામાં આવો છે. હમેં એમ ઉમ્મીદ રાખીએ છીએ કે, કારેઈનની નુસ્રત અને હોશનો સહારો હમારા સાથે હશે, તો રબીઉલ આખરના મહીનાનો અંક આ અખ્બાર વાસ્તે એક બેમિસાલ ઈલ્મી ખઝાનો સાબિત થાશે.

એડ્રેસ : મિશ્કાતુલ હાદી માસિક, અલ-વિઝારતુલ અલવીયાહ, વાડી, બદરી મોહલ્લા, વડોદરા - ૧૭.
ફોન : ૦૨૬૫-૨૫૮૩૭૫૫ / ૦૯૯૦૪૨૨૧૦૯૦ / ૦૯૯૨૫૦૭૮૬૩૫
ઈમેલ : al_haadi@alavibohra.org ★

## -::: બકા અને ફના :::-

હરએક ચીઝનું એક અસલ છે, જે અસલ યા જડ બગૈર કોઈનો પણ આ જહાનમાં વુજૂદ મુમ્કિન નથી. જે ચીઝ તેના અસલ સાથે રિશ્તો બરકરાર રાખે છે તેને બકા મિલે છે અને જે તેના અસલથી જુદી પડી જાય છે તે ફનાનો મઝા ચાખે છે. જે ચીઝ નઝરના સામે છે તેમાં તેના અસલ-ઉદ્દભવ સ્થાનની અસર દેખાતી હોય છે. **બકાને હાસિલ કરવા વાસ્તે દુનિયામાંથી ફના થાવું ઝરૂરી છે.** અલ્લાહતઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે કે, **"તમારા રબનું મૂઁહ બાકી રહેશે."** યાઅની કે, અલ્લાહની પસંદીદહ શરીઅતે ઈસ્લામ પર લોગોને ચલાવનાર ઈમામ હર ઝમાનમાં હાઝિર રહેશે. હર તે શખ્સ જે ઈમામની દાઅવત સાથે વાબિસ્તા રહેશે તે ભલે જિસ્મથી ફના થઇ ગયો હશે પણ રૂહાની તૌરથી બાકી રહેશે, હમેશા રહેશે.

કોઇ પણ ચીઝ જે વક્ત ફના થાય છે, તો તે જહાઁથી આવી હોય છે ત્યાં જઈને તેને મિલવું પડે છે. તેના અસલ તરફ જાવાનો રસ્તો તેની મૌજૂદહ હાલતના દરજાથી ઉપરના દરજાના ઝરીએ હોય યા નીચેના દરજાથી હોય, જિસ્માની ફનાના રસ્તાથી હોય યા રૂહાની બકાના રસ્તાથી હોય, તેને જેમતેમ કરીને તેના અસલ તરફ વલવું પડે છે. બકાનો રસ્તો નજાતનો રસ્તો છે અને તે ઉપર તરફ ચઢવાનો નૂરાની રસ્તો છે, સિરાતે રહેમાન છે. પણ ફનાનો રસ્તો દરજા પરથી પડીને બદતરમાં બદતર હાલત તરફ ઉતરવાનો અંધારીઓ નો રસ્તો છે, રાહે શયતાન છે. **બરતરી**

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**બચ્ચાઓને હિસાબથી રોઝાના ખર્ચ આપો.**

## -::: ૧૨ સુન્નતો :::-
## પડોશી સાથે ખુશ-તઅલ્લુક રાખવો - કિસ્ત : ૩

સમાજમાં ઈન્સાન સુખ-ચૈનથી તે વક્ત રહી શકે છે કે, જે વક્ત એના ઘરની અને એના ઘરને બાહરની ફિઝા અને માહૌલ ખુશગવાર હોય. ઘરવાલાને દરમિયાન ઘરમાં જે કઈ બને છે યા ઘર વાસ્તે ઘરનો માલિક જે કઈ ઈરાદો કરે છે તે પોતાના કાબૂમાં હોવાના સબબ તે કરી લેતો હોય છે. પણ જહાઁ તક પડોશી સાથે એનો રિશ્તો બરાબર નહીં હોય, આપસમાં મોહબ્બત અને હમદર્દી નહી હોય, વહાઁ તક એ ઘરને આસપાસનો માહૌલ સુધારી શકતો નથી. નૈક પડોશી ઘરનો રાઝદાન હોય છે અને પહેલો વિચાર એ ઘરની ઈસ્લાહનો જ કરે છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ પડોશીના હક્કો વાસ્તે સાત તરહના પડોશીની ઝિકિર કીધી અને તે અદા કરવા વાસ્તે ૧૨ અદબો બતાવી, જેમાંથી ૮ અદબોની બયાની થઈ ચૂકી છે. બાકીની અદબોની સમઝ નીચે આપવામાં આવી છે :

(૯) પડોશી કોઈ બાબતની મદદ માંગવા આવે તો એને જલ્દીથી મદદ કરે, કોઈ અહમ કામ હોય તો પોતાનું કામ છોડીને એનું કામ કરી આપે, રૂપિયાની ઝરૂરત હોય અને પોતે તે વાસ્તે તાકત રાખતો હોય તો એને જ્યાં તક બની શકે દૌલતથી મદદ કરે. સરકારી-દરબારી કામમાં એ ફસાયેલો હોય તો પોતાની પહોંચથી હક્ક જ્યાં હોય ત્યાં સાથ આપીને એનું કામ સહેલ કરી આપે. **આ દુનિયા હાજતો અને ખ્વાહિશોનું કારખાનું છે.** ક્યા વક્ત પર કોને કઈ ચીઝની ઝરૂરત પડે તે કહી શકાતું નથી. આજે પડોશી તમારા પાસે મદદ વાસ્તે આવો હોય, તો કાલ એવી પણ પડે કે તે ચીઝની મદદ વાસ્તે તમને પડોશી નઝદીક હાથ લંબાવવો પડે. બેગરઝ બીજાની મદદ કીધી હશે તો એ પણ તમારી મદદ પર બેઝિઝક આવશે. **આ ઝમાનો આપ-લે નો ઝમાનો છે.** કંઈ જ આપો નહીં તો તમે બીજાથી લેવાની ઉમ્મીદ કઈ તરહ કરી શકો !

(૧૦) હર શખ્સમાં કોઈના કોઈ ઐબ હોય છે. જો કોઈ બેઐબ હોય તો એ ઈન્સાન નથી. બીજાને નઝદીક કોઈનો ઐબ ખોલી દેવો એ મોટામાં મોટો ઐબ છે. પડોશીનો કોઈ ઐબ જોવામાં આવી જાય તો તેને બીજાને નઝદીક ઝાહિર ન કરે. મગર જહાઁ તક બને પડોશીના ઐબને છુપાવે, બલકે એવી રીતે ભુલી જાય કે જાણે કંઈ જોયું જ નથી. એ પણ ખયાલ રાખે કે, જે ઐબની ખબર એને થઈ છે તેની ભનક પડોશી ને ન પડે. અલ્લાહતઆલા સાતિરૂલ ઊયૂબ છે, યાઅની ઐબોને ઢાંકનારો છે. લેહાઝા જો ખાલિક પોતાની મખ્લૂકના ઐબ પર પડદો કરીને તેને ઢાંકતો હોય તો બંદાઓ પર ઝિયાદહ વાજિબ છે કે, **પોતાના ભાઈઓના ઐબને ન ખોલે.** યાદ રહે કે, જો કોઈ બીજાના ઐબને ખોલે છે અને એને ઝલીલ કરે છે, તો દુનિયામાં કોઈ એવો તો ઝરૂર છે કે, ઐબ ખોલનારના ઐબને ખોલશે. તમે બીજાની ઈઝઝત રાખવા ઐબોને છુપાવશો તો તમારી ઈઝઝત ઔર ઝિયાદહ થાશે. ★

### -::: Best Wishes :::-



Sister **Kachwala Sherina Altaf** was awarded prize money with Appreciation Certificate by securing 1st Position in Industrial Defined Problems - ID Program held at Parul Institute of Technology in Nov.2011. She made presentation about making flyash brick from the wastes of the Gardens of Assam. ★

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, એક હઝાર શખ્સોમાંથી નવસો નવ્વાણું - ૯૯૯ જહન્નમમાં જાશે અને ફક્ત એક શખ્સ જન્નતી બનશે. આ સાંભલીને અસ્હાબ ખૂબ રોયા અને ગમથી તેઓના દિલો ભરાઈ ગયા. બશીરો નઝીર સાહબે મેઅરાજે (સ.અ.વ.વ.) સઘલા બાવફા અસ્હાબને ખુશખબરી આપીને ફરમાવું કે, તમેં કાલા બૈલમાં એક સફેદ બાલ જેવા છો. યાઅની કે, તમેં આટલી મોટી લોગોની તાઅદાદમાં જેઓએ કાલો લિબાસ (જહન્નમી લોગોનો) પહેરેલો છે તેમાં તમેં સફેદ લિબાસવાલા (જન્નતી લોગોનો) છો. ★

**ખૂબસૂરતી ચહેરાથી નહી પણ તહેઝીબો અખ્લાકથી અંકાય છે.**

-::: ઝાહેર ખબર :::-

## માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાચા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

---

**પરફયુમના શો-રૂમ વાસ્તે ફુલટાઇમ દીકરાઓની ઝરૂરત છે. તાત્કાલિક આવીને મળો :**

**હમઝાઅલી અત્તરવાલા**

**મો.: ૯૩૭૬૨૧૭૩૪૨. ★**

---

## એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફ્લેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

---

## બુરહાની સ્વીટ માર્ટ

**દરેક પ્રકારની મીઠાઇના ઓર્ડર ઉપર પુરતુ ધ્યાન આપવામાં આવશે.**

**જુના અને જાણીતા પ્રખ્યાત મીઠાઇવાલા**

***એક વખત પધારી, ખાત્રી કરો.***

૩૦૬, સકીના એપાર્ટમેન્ટ, રામપાર્ક, આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.

**અબ્બાસભાઇ મીઠાઇવાલા**

**મો.: ૯૮૯૮૬૮૪૪૧૨ / ૯૮૯૮૧૯૬૯૪૩. ★**

---

નોંધ :- જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઇ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઇટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

-::: ઝાહેર ખબર :::-

## બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

---

## R. J. Collection

**Cotton Dress Material & Kurtas**

*Jennifer Ismail Chhaliyarwala*

*&*

*Rozeta Abizar Motiwala*

101, Huseni Villa, Taiyebi Park, Ajwa Road, Vadodara - 19.

M.: 7698252315. ★

---

## અપ્સરા કલેક્શન

**ગીફ્ટ આઇટમ, ઇમીટેશન, ઇલેક્ટ્રોનીક્સ ગેમ, પરફ્યુમ, સીમ કાર્ડ, મેમરી કાર્ડ, પેન ડ્રાઇવ, મોબાઇલ.**

---

## અપ્સરા રબર સ્ટેમ્પ

**રબર સ્ટેમ્પ, પ્રી-ઇંક સ્ટેમ્પ, બ્રાસ સ્ટેમ્પ, ઝેરોક્ષ, પાનકાર્ડ, પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ.**

---

જીએફ-૭, સાંઇ અર્પણ કોમ્પ્લેક્ષ, અલ્પના ટોકીઝની બાજુમાં, પ્રતાપનગર, વડોદરા - ૦૪. ★

---

## આફ્રીન કલાસિસ

**અમારે ત્યાં નવી ફેશન, સ્ટાઇલ અને ડીઝાઇનમાં પેઇન્ટીંગ, એમ્બ્રોઇડરી, ભરતકામ, પેચવર્ક, ઝરદોઝી, તૈયાર કોરન, ક્રોશો તેમજ તેના લગતું હર કામ વ્યાજબી ભાવે કરવામાં તથા શિખવાડવામાં આવે છે.**

**તો આજે જ સંપર્ક કરો.... મુલાકાત લો....**

ડીસીબી ઓફીસ સામે, સ્વામીનારાયણ મંદિર પાછળ, યાસીનખાન પઠાણ રોડ, વડોદરા.


ફોન.: ૦૯૨૨૮૨૬૩૩૯૭ / ૦૨૬૫-૨૫૬૧૦૬૩. ★

**જિસ્મથી હલકા રહેવું તે મૌ.અલી (અ.સ.) ના શિયાઓની નિશાની છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તૈઝ કરો.....




**ઊભી તરકીબ :**

(૧) મૂર્તિ, પત્થરનો આકાર જેને લોગો ખુદા માને છે. (૨)

(૨) શયતાનની ઝાત નાપાક, નજિસ અને ---- છે. (૩)

(૩) નૂરાની મસ્જિદને પાછલ સૈ.યૂસુફ નૂરૂદ્દીન સાહબ (આ.કુ.) નો ----- છે. (૩)

(૭) ઈન્સાન પર ----- ઝિયાદહ તર ઝબાનથી આવે છે. (૨)

**આડી તરકીબ :**


(૨) પૂરૂં થાવું, મિટી જાવું. (૩)

(૪) આ શખ્સમાં બીજાને મનાવવાની ----- છે. (૨)

(૫) પંજતને પાક (અ.સ.) ના નૂરાની ----- પર કોઈ વક્ત ખિચાઁ આવનાર નથી. (૨)

(૬) ------, ઈમાનનું માથું છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




★

## -::: ખાસ નોંધ :::-

**અસ-સહીફતુત તૈયેબીયહ**

અપના ઈસ્માઈલી-તૈયેબી અકીદાઓ, દોઆઓ અને રસ્મો રિવાજની તમામ માઅલૂમાત વાસ્તેની કિતાબ.

**હદીયો : રૂા. ૨૫૦/-**

**અસ્હાબુલ યમીન**

યમનના ૨૪ દોઆતે મુત્લકીનની મુકમ્મલ તારીખ, બયાનો, અશ્આર, ફોટાઓ.

**હદીયો : રૂા. ૨૦૦/-**

**ફોન :**

**૦૯૯૦૪૨૨૧૦૯૦ (મુ.ઇબ્રાહીમભાઇ)**

**૦૯૯૩૦૩૨૧૪૪૦ (મુ.સિરાજઅલી, મુંબઇ)** ★

---

**-જોઈએ છે**

**અમારી દુકાનમાં ચશ્માના કામકાજ માટે અપની જમાઅતના કોઇ બે મુમિનભાઇની ઝરૂરત છે તાત્કાલિક આવીને મળો : અમીન ટ્રેડર્સ રાવપુરા, વડોદરા. ફોન : ૦૨૬૫-૨૪૩૧૫૩૪.** ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **ઝરીનાબુ હુસામુદ્દીન રાજપીપલાવાલા**
વફાતની તારીખ : ૯ મોહર્રમ ૧૪૩૩/૪-૧૨-૨૦૧૧.
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૦૨૬૫-૨૫૮૧૦૬૩

---

નામ : **મુશ્તાકઅલી ઇબ્રાહીમ અજબશાહ**
વફાતની તારીખ : ૧૭ મોહર્રમ ૧૪૩૩/૧૨-૧૨-૨૦૧૧.
સરનામું : સુગરા એપાર્ટ., મોગલવાડા રોડ, વડોદરા.
ફોન : ૦૯૮૨૪૩૫૧૯૫૭

---

નામ : **સલીમભાઇ નૂરૂદ્દીન સુરકાવાલા**
વફાતની તારીખ : ૨૦ મોહર્રમ ૧૪૩૩/૧૫-૧૨-૨૦૧૧.
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.

---

નામ : **ફૈઝુલહુસૈન ફિદાહુસૈન સૂરતી**
વફાતની તારીખ : ૨૩ મોહર્રમ ૧૪૩૩/૧૮-૧૨-૨૦૧૧.
સરનામું : બરકત કોમ્પ્લેક્ષ, તૈયેબી પાર્ક, આજવા રોડ, વડોદરા.
ફોન : ૦૯૯૧૩૪૫૬૨૪૧

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

**જમતી વક્ત શયતાનનું પેટ પલાઠી મારનારને સાથે હોય છે.**

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિકિર

## : મસાજિદની ઝિકિર : - કિસ્ત-૬

❋ કોઈ નમાઝી જા-નમાઝ યા મુસલ્લા (મસલ્લા) પર ઉભા રહીને નમાઝ પઢે તો તે નમાઝી વાસ્તે નમાઝના અરકાનની બંદિશ કહેવાય. યાઅની કે, નમાઝી વાસ્તે ઈબાદતમાં કોઈ ખલલ પૈદા ન થાય તેની હદ મુકર્રર થઈ કહેવાય. અહલુલ બૈત (અ.સ.) ફરમાવે છે કે, જો કોઈ આડ બગૈર યા કોઈ પાકીઝા બગૈર તસ્વીર વાલા કપડાને લીધા સિવાય નમાઝ પઢે તો શાયદ એની નમાઝમાં ફસાદ પૈદા થાશે અને આ મુજબ નમાઝ પઢવું નમાઝના હક્કના ખિલાફ છે અને **તે નમાઝ ઉપર જફા છે.** નમાઝ પઢતી વકત કોઈ પણ તરહની આડ યા કોઈ કોનો હોવો જોઈએ જે નમાઝની હિફાઝત કરી શકે. કોઈ શખ્સ ખુલ્લા મૈદાનમાં, મોટી જગામાં યા બગીચામાં હોય અને એને નમાઝ પઢવી હોય તો કોઈ પણ પાકીઝા ચીઝની આડ કરે.

❋ અરબસ્તાનમાં લોગો કાફલા સાથે જાતા હતા. નમાઝનો વકત થાય તો ખુલ્લા મૈદાનોમાં નમાઝ પઢતા હતા. ફરમાન થયું કે, જે વકત એવો મૌકો આવે તો નમાઝી પર વાજિબ છે કે, ઊંટોની બેઠકો (કજાવા) નો પાછલો હિસ્સો સામે મુકીને પછી તેના પાછલ નમાઝ પઢે. એમ પણ ફરમાન થયું કે, ઊંટને સામે ઉભા રાખીને નમાઝ ન પઢે, કેમકે, અલ્લાહતઆલાએ કોઈ પણ ઊંટને પૈદા કીધો નથી મગર તેની પીઠ પર એક શયતાન હોય છે. લેહાઝા, કોઈ પણ જાનવરને સામે ઉભા રાખીને નમાઝ ન પઢે.

❋ નમાઝની અદબોમાં ખાસ એ ખયાલ રાખવો જોઈએ કે, નમાઝી જે વકત નમાઝને કાઈમ કરે તો એના સામે કોઈ શખ્સ સુતેલો ન હોય યા કોઈ એવી અવર-જવર ન હોય કે, જેથી નમાઝીની નઝર યા દિલ બીજી જગા ભટકાય. જો કોઈ શખ્સ અહમ કામ વાસ્તે નમાઝીની હદથી બાહર રહીને એને ખલલ પહોંચાડા બગૈર નમાઝીને સામેથી ચાલો જાય તો તેમાં હરજ નથી. નમાઝ જે વકત પઢાતી હોય તો તે જગાથી બચ્ચાઓ અને હૈઝવાલા બૈરોને દૂર રાખવા જોઈએ. નમાઝમાં જો મરદો અને બૈરો સાથે હોય, તો બૈરો પર લાઝિમ છે કે તેઓ મરદોને પાછલ ઉભા રહે, યાઅની કે મરદોની સફ સાથે ખભે-ખભા મિલાવીને નમાઝ ન પઢે. મરદોની સફ નમાઝમાં હમેશા આગલ હોય અને બૈરો તેના પાછલ હોય. ★

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
Mustakali Vohra
Insurance Consultant
Ph.: (0265) 2583316
M.: 9510170008
MONARCH ART
● SCREEN PRINTING
● OFFSET PRINTING
● DTP JOB WORK
VISITING CARD, INVOICE BOOK, LETTER HEAD, INVITATION CARD, ETC.
2nd Floor, Umallawala's House, Opp. Surti Video, Badri Mohalla, Wadi, Vadodara - 390 017.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૦૯૯૩૦૩૨૧૪૪૦. ★